શ્રી.

ફેશનની ફીસીયારી.

(કે કળીયુગની કુંચી) ભાગ ૧ લો.

(જે બાબતથી આપ અજાણ્યા છો, તેમાંજ લાખો રૂપીયાની ખુવારી છે. શી બાબતમાં ખુવારી છે? તે જાણવું હોય તો જ વાંચી જુઓ.)

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ડાહ્યાભાઈ બાબરભાઈ પટેલ.

ઠે. રત્ન દિપક-નડીઆદ.

આવૃત્તિ ચોથી. પ્રત ૫૦૦૦ સને ૧૯૧૨.

અમદાવાદ—પીરમસાના રોજા પાસે સત્યસાગર પ્રીન્ટિંગ પ્રેસમાં પટેલ પેચાભાઇ ચકુભાઇએ છાપી.

કીંમત ૦—૦—૩

રત્ન દિપકનાં મળતાં પુસ્તકો.

ફેશનની પ્રીસીપારી ભાગ ૧	૦-૦-૩
,, ,, ભાગ ૨	૦-૦-૬
રત્ન દિપક ભાગ ૧	૦-૧-૦
,, ,, ભાગ ૨ છપાય છે.	૦-૨-૦
ખુપી પોલીશ	૦-૦-૬
રત્ન-બાજી	૦-૪-૦
ખસની દવા સેંપલની ડબીનો	૦-૧-૦
કમળાની દવા દરેકને મફત.	

ટપાલ ખર્ચ મંગાવનારને શીર છે. એજંટો જોઇયે છીયે. દરેક માલ વધુ ખરીદનારને કમીશન ભરપુર મલશે. બુકસેલરો માટે ભાવ તદન જુદા છે. જવાબ માટે અર્ધા આનાની પોષ્ટ ટીકીટ બીડી લખો.

રત્ન-દિપક.

નડિઆદ.

સોલ એજન્ટ—જીવાભાઈ મોતીભાઈને ત્યાંથી પણ મળશે.

ફેસનની ફીસીયારી

કે કળીયુગની કુંચી.

ભાગ ૧ લો.

રાગ (સૈદા તારો ખુબ છે દાડો) એ ટેક.

જમાનો તો બદલાયોરે, હળાહળ કળજુગ આવ્યોરે—એ ટેક
હિંદ તણા હૃદયને માટે, અરજ કરૂં છું આજ;
સ્વાર્થી આ મુરખને નહિ ફાવે, સાચે સાચી વાત,
વિચારવંતા વિચાર કરશો—૨ રે. જમાનો. ૧
ઉંચ હતા તે નીચ બન્યા કંઇ, નીચ તે ઉંચ મનાય—૨
ધર્મને નામે ધાડજ આવી. પાપને પંથ પળાય
અંધાપો ધોળે દી આવ્યો—૨ રે. જમાનો. ૨
જે પ્રેમદા પડદે રહેનારી, તે ધરી લેઈ પોશાક—૨
ગીરધરનો કર ઝાલી ભજતે, માચી રહી છે અથાગ
અરે આડો આંકજ આવ્યો—૨ રે. જમાનો. ૩
નીતી રીતી સૌ નેવલે મુકી, ઉર અનીતિ ચહાય—૨
ફેસન બાઈને ફંદે ફસાયા, રંક ને મોટા રાય.
લોકો જઈ દ્વીપ છવાયો—૨ રે, જમાનો. ૪

ઝેર ને વેર વધ્યાં વસુધામાં, વ્યસન વધ્યાં વિષ વિષ–૨
ગાંજો અફીણ ને દારૂના બોટલ હોટલમાં જઈ પીધ
ગાંઠેથી ગર્થ ગુમાવ્યો–૨ રે. જમાનો. ૫
જે નૃપને ગૃહ ચાંદી સોનાના, પાત્ર તણો નહી પાર–૨
તે રાજમંદીરમાં જઈ જોતાં, દેખાય ઠારો ઠાર
લોખંડનો લાટ ભરાયો–૨ રે. જમાનો. ૬
મુદ્દલ ચેન પડે નહિ, ચા, વિણ, ચાએ વાળ્યો ડાડ–૨
રાયથી માંડીને રંક કહાવે, સૌને થયો સનિપાત
વિલાયતનો વાયુ વાયો–૨ રે. જમાનો. ૭
સેન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા મોટરમાં મશગુલ–૨
બાઈશીકલને ભાઈ વર્યા છે–આપી મોં માગ્યાં મુલ
ગળે નેકટાઈ લગાયો–૨ રે. જમાનો. ૮
દાતણ બાવળનાં બદલાયાં બ્રશથી મોહ્યું મન–૨
અંજન મંજનમાં થઈ રંજન, ધુળ કરે છે ધન
ગણ્યો ના જાય ગણાયો–૨ રે. જમાનો. ૯
તાંબા પિત્તળનો પારજ આવ્યો, લોખંડ ઘેરે ઘેર–૨
જ્યાં નીરખો ત્યાં ટેબલ ખુરશી, બીલોર ઠેરે ઠેર
યુરોપી ઠાઠ મચાયો–૨ રે. જમાનો. ૧૦
દેશનો વેશજ બેશ ન લાગે, વધ્યું વિદેશીથી વાલ–૨
બુટ પગે પાટલુન ચઢાવી, બન્યા ગોરાના બાલ
જાણે મેમ સાહેબનો જાયો–૨ રે. જમાનો. ૧૧

બી, ઓ, બનીને, ભાઇ બીએ છે બાઈ થકી ઘરમાંય-૨
બાહેર બીલ્લી થકીજ બીએ છે, તે શું ઉકાળે હાય
જનેતાએ શીદ જાયો-૨ રે. જમાનો. ૧૨
વકીલ વૈદ ને વેશ્યાઓનું, ઝાઝું વધ્યું હતું જોર-૨
વિત હરે વસુધાપરથી હા, કરે છે શોર બકોર
રૂડો રાથડો તો રચાયો-૨ રે. જમાનો. ૧૩
વકીલની પરીક્ષા બંધ કીધી, વેશ્યાઓને કીધી દુર-૨
વૈદને માટે ઘાટજ ઘડજો, ભાગજો તેમનું જોર
પ્રજાની દયા દીલ લાવો-૨ રે. જમાનો. ૧૪
શીશ થકી શીખા સટકી તે, હા લટકીજ લેટ-૨
નીચી નમી નમી શું સુચવે છે, વિદ્વતામાં ઉઠી વાટ
દેશની દાઝ ન લાવ્યો-૨ રે. જમાનો. ૧૫
ભણી ગણીને સૌ જન ઇચ્છે, નિર્લજ નોકરી ઉર-૨
સુરને નુર ગુમાવી બેઠા, બની ગયા અસુર
ગુર્જરેશ્વરી ગાત્ર ગળાયો-૨ રે. જમાનો. ૧૬
ધીક છે ધીક છે ધીક છે એવા. દેશ દ્રોહીને ધીક્કાર-૨
ગોરી તજી ઘરની ગુણવંતી, જોડી ગણીકાથી પ્યાર
ખરે જર ખુમ ઉડાવ્યો-૨ રે. જમાનો. ૧૭
ચ્હાની ચસકાણું પ્યાલા રકાબી, ફાનસ ફેકડ લીધ-૨
ફુટી જતાં ફુટી બહામ નાખી, ફોકટ ફેંકી દીધ

આંખે નત જાય દેખાયો-૨ રે. જમાનો. ૧૮
વાજાં વીવીધ પ્રકારનાં લાવી, મુકયું ગજાવી મકાન-૨
બગડયું કે પછી બારજ વાગ્યા, તેનું મળે નહી ભાન
પૈસા પર પાણી ફીરાયો-૨ રે. જમાનો. ૧૯
એરંડીયું તો અદ્રશ્ય થયું ને, ગંધાતું ચ્યાસલેટ-૨
બેહદ આવી ભરાયું ઘરો ઘર, પાકી ઉઠયું જ્યાં પેટ
પાટો કયાં જાય બંધાયો-૨ રે. જમાનો. ૨૦
દેશની દોલત હાય વીદેશે, એ રીતે ચાલી જાય-૨
તો પણ આંખ ઉઘાડી ન દેખે, કયાંથી દેશોદય થાય
આવી દારીદ્ર ભરાયો-૨ રે. જમાનો. ૨૧
ચોળી મટીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ પોસાય-૨
કથ કહ્યાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય
એ તે વર કે ? ઘર જાયો-૨ રે. જમાનો. ૨૨
છાયલ છીંદડી ગયાં છુપાઈ, ગવનથી ગુલતાન-૨
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડી બાઈનું માન,
કાને એરીંગ અડાયોરે-૨ રે. જમાનો. ૨૩
બારીક વસ્ત્ર વધુએ ધરી, નારી હૈયે હરખાય-૨
અંગ તમામ દેખાઇજ આવે, સુજ્ઞ જોઇ શરમાય
ગણીકાનો વેશ ભજાવ્યો-૨ રે. જમાનો. ૨૪

રાંડી તે ઘર માંડી બેઠી, માંડી બાંધી પર પ્યાર-૨
ભકતાંણી થઈ દેવ મંદીરમાં, કરે છે વ્યભીચાર
પતીવૃતાનો પારજ આવ્યો-૨ રે. જમાનો. ૨૫
પાન ખાઈ પીચકારી મારે, રાખે મુખડું લાલ-૨
બારીએ બેઠી નારી એ બોલે, બોલે મુખથી બે તાલ
મલાજો છેક મુકાયો-૨ રે. જમાનો. ૨૬
લાયક ઉમરની લલના કદી વૈધવ્યનાને થાય-૨
પુર્નલગ્ન કરતા તેનું, શાસ્ત્રની મુકી માઝાય
પત્રે ઢંઢેરો પીટાવ્યો-૨ રે. જમાનો. ૨૭
બાળા વરસે બારજ ફેરી, બાળકીમાંજ લેખાય-૨
જે રમી રાજી થતી ઢીંગલીએ, તે ગર્ભવંતી થાય
સારો દી જાય કહાયો-૨ રે. જમાનો. ૨૮
પાખંડીને પુરા પ્રેમથી પુજે, સાધુને ચીત ન ચાય-૨
ધર્મીને ધામે ધાડજ આવી, પાપી પનોતા થાય
દ્રષ્ટીએ જાય દેખાયો-૨ રે. જમાનો. ૨૯
પાખંડ પ્રપંચ વૃદ્ધિ પામ્યા, ચોરી ચાડી જુઠ જાર-૨
સત્ય સરી પાતાળે પેઠું, જામી ગયો છે જુગાર
હશે શું દૈવને ભાવ્યો-૨ રે. જમાનો. ૩૦
પૈસાદારને પ્રેમથી પુજે, પંડિત ના પુજાય-૨

હોય ભલે પછી તે બ્રહ્માવેત્તા, એવો અરે અન્યાય
હોળીમાં જોય ફળાયો–૨ રે. જમાનો. ૩૧
પૈસા પડાવા પુત્રીને વેચે પેણી પળીએલ કંથ–૨
અંગની શક્તિ ભંગ થઈ, જેના ડાચામાં ન મળે દંત
ખોખો કહી જાય બોલાવ્યો–૨ રે. જમાનો. ૩૨
પેપર માસીકમાં વળી છુટી. નોટીસ બહુ નીરખાય–૨
વૈદ તણું જાણે ળ્હાણુજ ફાટયું, બની લુંટારા હાય
ખરે દેશ લુંટીને ખાયો–૨ રે. જમાનો. ૩૩
ભપકા બંધ ભાષણો કરીને, લોકોને ફસાવે–૨
ભોળા બીચારા હિંદ વાસીયો, સારી રીતે લોભાવે
ધુતારાનો તાલ છે કેવો–૨ રે. જમાનો. ૩૪
આડું અવળું સમજાવીને, દેશ બધો ધુતી ખાય–૨
એવા ધુતારા દેશમાં ફાટયા, માટે જાગો હાય
નહિ તો દેશ ફોલી ને ખાશે–૨ રે. જમાનો. ૩૫
પાંચ દશ મિત્રો ઉભા થઈને, કંપની કાઢે છે–૨
ભાઈ મેનેજર સાળો એજંટ, કમીશન બનેવીનું આપે છે
યુક્તિએ શેરો વેચાવે, લોકોને રાખોડી ચોળાવે–૨ રે જ. ૩૬
કરજે નાણું કાઢતા જાતાં, પુત્ર બને છે બાપ–૨
દેવા પડે જ્યારે દામજ રૂપ.રે, બની બેસે છે બાપ
ભુંડે ભાર બોજ ગુમાવ્યે–૨ રે. જમાનો. ૩૭

ચોર હતા તે શાહ બન્યા કંઈ, શાહ બીચારા ચોર–૨
વારજ તેની ધાડજ આવી, ક્યાં કરવો જઈ શોર
ખરે બીજે ખેતને ખાયો–૨ રે. જમાનો. ૩૮
નીચ સજી સણુગારજ સુંદર, ઘાલી ફરે ધડીયાળ–૨
મારગમાં કદી સામા મળે તો, કોણ કરે તે કાળ
હશે મોટા ઘરનો, જાયો–૨ રે. જમાનો. ૩૯
મેળા ખેળામાં જઈ જોતાં, દીલ મારૂં દુખાય–૨
ઢેડ ને ભંગી સામા મળે તો, ધક્કો મારી ઘુસી જાય
તોયે નહિ દુર ખસાયો–૨ રે. જમાનો. ૪૦
દેવ વશ્યા જઇને ડુંગરામાં, મક્કે સોહે પીર–૨
સામનું રાજ છતાં ગાડીઓમાં, (અત્યંજ) આપે ભીડ
સુખેથી કંઇ ન કેવાયો–૨ રે. જમાનો. ૪૧
શુરા શીવાજી કણ્વ ગયારે, રણજીત સિંહ રાય–૨
વિક્રમ ભોજ સમા નહિ ભાળુ, ભુગતિ ભુતળ માંય
ખરે કંઈ બીજ ખવાયો–૨ રે. જમાનો. ૪૨
કહેવાય ત્યારે ઠાકોર મોટા, પણ ઠાઠ કીધો દુર–૨
કન્યા કુળવાનની નહિ લેતાં, જે પુરે પૈસા ભરપુર
તે પાસે હસ્ત લંબાવ્યો–૨ રે. જમાનો. ૪૩
દેવ દીઠા ન અમે દ્રષ્ટીએ તીરથ પ્રત્યે વેર–૨
સેલ સપાટે ભાઇ સીધાવે લાયક લંડન શેર
ધર્મ રીતનો વરસાવ્યો–૨ રે. જમાનો. ૪૪

હા સરદાર સુરા દીસે છે, લઈ પટાકડું હાથ-૨
કાબર તેતર હોલા હણીને, દુભાવે જગ નાથ
સુરો નહિ સિંહ મરાયો-૨ રે. જમાનો. ૪૫
પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન, જામ્યું ત્રિયાનું રાજ-૨
બાઇ બીલાડીને ભાઈજ ઉંદર એવું બન્યું છે આજ
બુરો બાળ લગ્ન ભરાયો-૨ રે. જમાનો ૪૬
બેસી ગયાં ડાચાં બુઢીયાનાં, શ્વેત થયા શીર કેશ-૨
તોય રહયો વળગી વ્યભીચારે, મુખપર ચોપડી મેંશ
કામી કામથી ન ધરાયો-૨ રે. જમાનો. ૪૭
માત પીતા થઇ પાળક પોતે, બાળકને દઇ બોધ-૨
પેટ નીમીતે પાપ કરાવે, કરી કારમો ક્રોધ
કહું શું ન જાય કથાયો-૨ રે. જમાનો. ૪૮
વાળ પરાયા થાય ભલે પણ, લે અસમાન મકાન-૨
પાળક બાળકનો થઈ પોતે, ઘાલી એવું ઘમશાન
દેવામાં હાથ ડુબાડયો-૨ રે. જમાનો. ૪૯
કોણ કવિનો ભાવ પુછે છે, ભાંડ ભવૈયા ચાય-૨
થાય ખુશી નાગકાને નચાવી, ચીત તેમાં વપરાય
કોવિંદને કંઇ ન અપાયો-૨ રે. જમાનો. ૫૦
ઉત્તમ સાક્ષરના કરનાં પણ, પુસ્તક ના પેસાય-૨
નાટકમાં નાણું ખુબ ખરચે, ચીથરડાં ચીત ચાય
સાહિત્યને ના શણગાર્યો-૨ રે. જમાનો. ૫૧

પાળી પોષી મોટા દીધા પુત્રો, ઝઝાં લડાવી લાડ
વૃદ્ધપણે લાકડી લઈ ઉઠે, ભાંગે પીતાનાં હાડ-૨
વઝ્યો નવ જાય વળાંચ્યો-૨ રે. જમાનો. પ૨
નાટક સરકસ ને જાદુના, ખેલ વધ્યા વિધવિધ-૨
વીત હરી વસુધા પરથી હા, શૌને ભીખારી કીધ
ખરો કુછંદ લગાયો-૨ રે. જમાનો પ૩
શહેરમાં હોટલ ગામડે હોટલ, હોટલ હોટલ હોય-૨
વર્ણ અઢારે આવી ભરાઈ, ચા ને બીસકુટ ખાય
અભક્ષા ભક્ષ ઉડાયો-૨ રે. જમાનો, ૫૪
પાણી પવિત્ર ગણે ન ભુદેવો, ગામ ગમાતરે જાય-૨
પણ ભજીયાં ભૈયાની દુકાનેથી, ખાંતે લઈને ખાય
અનાચાર આવી ભરાયો-૨ રે. જમાનો પપ
સૌ થકી ઉત્તમ દ્વીજ કહાવે, પણ થઈ બેઠા નીચ-૨
લક્ષ્મીની લાલચે લપટાઈ કરતા પ્રપંચી પેચ
દેખી ના જાય ખમાયો-૨ રે. જમાનો. ૫૬
વિપ્રો તો વળી છેકજ વંઠયા, જેથી ધરોવર અથડાય-૨
બ્રહ્મજ્ઞાન જાણે નહિ તો, કયાંથી તે પૌવાય
પાયો મુળથી ખવાયો-૨ રે. જમાનો. ૫૭
બાવે તો વળી બે સ્ત્રી રાખી, ચેલે રાખી ચાર-૨

ખાખી તો ખોળતાજ ફરે છે; ચોળી ભફૂતની છાર
લંગોટે લેખ લજાવ્યો–૨ રે. જમાનો. ૫૮
નારી ગઈ સ્વધામ સીધાવી, સંપત્તિ પામી નાશ–૨
કે ભાઈ પોતે મુંડ મુંડાવી, બેઠા લઈ સન્યાસ
ગૃહસ્થોને પાય પડાવ્યો–૨ રે. જમાનો. ૫૯
કોઈ જમાત લઈ રખડે છે, રાખી રાજેશ્વરી ઠાઠ–૨
સિદ્ધને સાધક બેઉ બનીને, વાળ્યો ગામેગામ ડાટ
મલીદા માલ ઉડાવ્યો–૨ રે. જમાનો ૬૦
આચારનો નથી અંસજ જેમાં, જાણે ન શાસ્ત્રોનો ભેદ–૨
થાય તેની ગણત્રી ગ્નાતીમાં, અંતર પામે ખેદ
સાધુ શેઠ માંય ગણાયો–૨ રે. જમાનો. ૬૧
પાખંડી દંભી બની બેઠા, સાચા સંત મહંત–૨
તેમણે તો ડખા પંચાક કીધુ, કાઢીને કલ્પિત પંથ
સારા જગને ભરમાવ્યો–૨ રે. જમાનો. ૬૨
આજ ગુરૂ એવા અવલોકી શકે સમાવી ન શોક–૨
પણ ધુતી ધન શિષ્યનું લેતાં, પાકી મુકાવે પોક
વૃથા ગુરૂ નામ ધરાવ્યો–૨ રે જમાનો. ૬૩
અધ ગુરૂને શિષ્યજ બહેરા, એવું બન્યું છે આજ–૨

તેમ છતાં અનો સિદ્ધના બેટા, ખાલી કરે પતરાજ
દેખી મમ દીલ દુખાયો-૨ રે. જમાનો ૬૪
ભારત ભાગવત કે રામાયણુ, રૂડી રીતે વંચાય-૨
ત્યાં જઈ સાંભળતાં ઉંઘ આવે, મારે ગપાટા ગામમાંય
સારી રાત જાય જગાયો-૨ રે. જમાનો. ૬૫
ચાર ઘડી ચીત ઠારવા માટે, દેવ મંદીર ગણાય-૨
ત્યાં પણ રંગીત પારણાં ઝુલે, દેખું ઘોડાને ગાય.
ભોંભોં શબ્દ જાય સુણાયો-૨ રે. જમાનો. ૬૬
ઘટી ગયો કસ ભૂગોળમાંથી, ઘટયો સમ્બંધીનો સ્નેહ-૨
વળી સ્વાદ ઘટયો ધૃતમાંથી, ખરેખર ઉતરે આછા મેહ
દગાથી દોસ્ત મરાયો-૨ રે. જમાનો. ૬૭
કોઈ તણા મનમાં નવ દેખું, અંશ દયાનો લગાર-૨
જ્યાં ને ત્યાં હું નજરે નિહાળું, તામશનો ભંડાર
ખરે કંઈ આવી ભરાયો-૨ રે. જમાનો. ૬૮
કેતાં આ રસના પડે તુટી, આવ્યો આડા આંક-૨
કેલી કરે કાકી ભત્રીજો ટાંકુ અસત્ય ન ટાંક
પ્રભુ જાણે ક્યાં છુપાયો—૨ રે. જમાનો. ૬૯
રેણુકા કત્યા સતયુગે ત્રેતામાં સિતાય—૨
દ્વાપરમાં થઈ દ્રુપદ સુતા, આજ ઘરો ઘર હાય
દેખું દ્રગથી કત્યાઓ-૨ રે. જમાનો. ૭૦

જે ગુજરાત વિશેજ હતી હા, લક્ષ્મીની લીલા લ્હેર-૨
ત્યાં ભટકે છે ભીખારીનાં ટોળાં, આવીને ઘેરે ઘેર
ઉઘાડે અંગ હીણાયો—૨ રે. જમાનો. ૭૧
ભાગ્ય ભલો કે ભારતમાંહી, પાકે અઢીલુ કપાસ-૨
ત્રીજી તંબાકુએ રંગ રાખ્યો, નહિતો થાત નીરાશ
તથાપી ના સમજાયો-૨ રે. જમાનો. ૭૨
"ધન્યછે ધન્યછે ઈંગ્લીશ રાજને, ધન્યછે [જ્યોર્જ] રાજન-૨
પ્રજાનાં દુઃખ દુર કરવાને, આનંદે ઉછાળે મન
રામચંદ્ર સમ કીર્તી ફેલાવેઃ-૨ રે. જમાનો ૭૩
ચેતો ચેતો ચિતમાં નરનારી, બાજી હજી છે હાથ-૨
દેશની દોલત દેશમાં રેવા, હુન્નરથી ભીડી બાથ
કરો ઉન્નતિના ઉપાયો-૨ રે. જમાનો. ૭૪
શુંય કથુ કથવાનું ઘણું છે, કેતાં નાવે પાર—૨
"શારદા" ને "શેરી" માતાની સ્હાયથી, ટુંકામાં ટાંકયો સાર
લેજો સમજી બેન ભાઈઓ-૨ રે. જમાનો. ૭૫
વૃક્ષનું મુળ ખવાયજ આવે, તો તે રહે શું ટટાર-૨
તેમ વિદેશથી મોહ ટળ્યો નથી, ત્યાં લગી થાશો ખુવાર
સ્વદેશીએ રાસડો ગાયો-૨ રે. જમાનો. ૭૬

[અપુર્ણ.

! ખટાઇકા સાર !

જ્યાં જ્યાં ખટાઈ નાંખવી હોય ત્યાં થોડી નાંખી ખટાઈની મજાહ આવશે પાણીમાં નાંખવાથી લીંબુના ર જેવો સ્વાદ થાય છે. જ્યાં આમલી ન હોય તે જગ ઘણા લોકો અમારી પાસેથી મંગાવે છે. કીંમત રા તે ની શીશી. રૂ. ०—१२—०

અજીબ ઘડી.

દરેક ઘરમાં, સ્કુલોમાં માસ્તરોએ વિદ્યાર્થીઓ પાસે ૧ રખાવવીજ જોઇએ. આ ચમત્કારી ઘડીથી આખી દુનિયાનો વખત એકી વખતે બરોબર દેખાય છે, કે મુંબઈનાં સવા-રના દશ વાગ્યા છે, તો લંડનમાં કેટલા, મેકસીકોમાં કેટલા, જાપાનમાં કેટલા. મોરીસીઅસમાં કેટલા, સીટકામાં કેટલા કુકટાપૂમાં કેટલા, પારીસમાં કેટલા, ઇત્યાદિ સર્વ દેશમાં કેટ કેટલા તે વખતે વાગ્યા હશે તે બરોબર દેખાય છે, કીંમત તૈયાર કરેલી ઘડીનો રૂ. ०॥ સાદીનો રૂ. ०। પોસ્ટેજ જુદું સમજવું. ઘણા માસ્તરોએ અમારી પાસેથી મંગાવી નીશાળોમાં મુકેલી છે.

સરનામુ.

શ્રી રામકૃષ્ણ ઇન્ડીયા એજન્સી કંપની.

મુ. નડીઆદ (ગુજરાત).